# ઠ રા વ.

(૧). ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ એક સ્વાયત બોર્ડ છે કે જેની મુખ્ય કચેરી ગાંધીનગર ખાતે આવેલી છે.જેને હવે પછી અત્રે બોર્ડ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. કેન્દ્ર સરકારના નોટીફીકેશન નં.એસ.ઓ., ૩૯૪(ઈ) તારીખ ૧૬/૪/૮૭ મુજબ પ્રાદેશિક અધિકારીને ફરીયાદ કરવાની સત્તા આપવામાં આવેલી છે. આરોપી મે. જે.ડી.કેમ એક ભાગીદારી પેઢી છે અને આરોપી નં.૨ અને ૩ તેના ભાગીદારો છે. ભારત સરકારે એન્વાયરમેન્ટ ઈમ્પેક એસેસમેન્ટ–૨૦૬૬ અધિનિયમ હેઠળ તા.૧૪/૦૯/૦૬ માં એસ.ઓ.નં.૧૫૩૩ થી આદેશ બહાર પાડી પર્યાવરણ મંજુરી મેળવ્યા વગર કોઈપણ વ્યકિત પોતાના ઉધોગનો પાયો નાંખી શકતા નથી કે ઉત્પાદન શરૂ કરી શકતા નથી. આરોપીઓને જોબવર્ક ઓફ સ્પ્રે ડાઈંગ માટે બોર્ડની મંજુરી હુકમ નં.એડબલ્યુએચ–૮૫૩૯૩, તા.૨૧/૦૪/૨૦૧૭ ના રોજ મંજુરી આપવામાં આવેલ, જે મંજુરી તા.૧૨/૦૨/૨૦૨૨ સુધી આપવામાં આવેલ હતી. પરંતુ આરોપીઓ મંજુરી વગર પર્યાવરણ મંજુરીને પાત્ર પ્રોડકટનું ઉત્પાદન કરે છે અને તે માટે તેઓએ ઈઆઈએ નોટીફીકેશન ૨૦૦૬ પ્રમાણે યોગ્ય સત્તાધિકારી કે બોર્ડની મંજુરી મેળવેલ નથી અને હુકમમાં જણાવેલ માત્રા કરતાં વધારે માત્રામાં રીએકટીવ ડાયઝનું ઉત્પાદન કરતાં માલુમ પડેલ અને આમ તેઓએ એન્વાયરમેન્ટ ઈમ્પેક એસેસમેન્ટ નોટીફીકેશન–૨૦૦૬ નો ભંગ કરેલ. જે બાબત આરોપીઓના ઉધોગની બોર્ડના અધિકૃત અધિકારી ધ્વારા તા.૨૩/૦૩/૨૦૧૭ ના રોજ મુલાકાત લેવામાં આવેલ ત્યારે માલુમ પડેલ કે આરોપીઓ તેમની ફેકટરીમાંથી નીકળતા ગંદા પાણીનો નિકાલ તેમની ફેકટરીને અડીને આવેલ મે.સેફાયર પીગમેન્ટ પ્રા.લી.ની જગ્યામાં કોઈપણ જાતના શુધ્ધિકરણ વગર ઠાલવતા હતા અને મુલાકાત સમયે આરોપીઓ રેડએમઈજબી નામની પ્રોડકટ બનાવતા હતા જે બનાવવા માટે આરોપીઓ પાસે બોર્ડની મંજુરી કે ઈઆઈએ નોટીફીકેશન–૨૦૦૬ મુજબ પર્યાવરણ મંજુરી પણ ન હતી અને ફીલ્ટર્સ પ્રેસ પાસે પોર્ટેબલ પંપ અને ફલેકસીબલ પાઈપ જોવા મળેલ, આમ તેઓએ પંપ અને પાઈપનું કાયમી જોડાણ કરેલ ન હતું. આરોપીઓ પાસે

વધારાનું સ્પ્રે ડ્રાયર તથા એચએજી માલુમ પડેલ જે માટે બોર્ડની મંજુરી મેળવેલ ન હતી તેમજ બીજા સ્પ્રે ડાયર માટે લોગબુકનો રેકર્ડ વ્યવસ્થિત રાખવામાં આવતો ન હતો. આમ, આરોપીઓ બોર્ડે આપેલી ઉત્પાદનની ક્ષમતા કરતા વધારે માત્રામાં ઉત્પાદન કરતા હતા અને નવી પ્રોડકટ રીએકટીવડાય–રેડએમઈજબી મંજુરી વગર બનાવી આરોપીઓએ પર્યાવરણ સુરક્ષા અધિનિયમ તથા ઈ.આઈ.એ.નોટીફીકેશન ૨૦૦૬ ના ભંગ બદલ કલમ ૧૫ અને ૧૯ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કરેલ હોય તેઓ સામે પગલાં લેવા હાલની ફરીયાદ કરેલી છે.

(૨). આ કામના આરોપીઓને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૦૭ ની જોગવાઈ અન્વયે કેસની નકલો આપી દીધેલી છે અને તેઓને ગુના અંગે પુછતાં તેઓ આજરોજ તેમની સામેનો ગુનો આંક ૧ માં જણાવ્યા મુજબનો કબુલ રાખે છે અને તે અંગે લેખિત પુરસીસ આંક:૦૪ થી આપેલ છે. જેથી આરોપીઓની કબુલાત સ્વૈચ્છીક હોવાનું જણાય છે.

(૩). આરોપીઓ તરફે આંક–૦૪ થી કબુલાત પુરસીસ આપી રજુઆત કરેલી છે કે, તેઓએ ફરીયાદ પછી તમામ ક્ષતિઓ પરિપૂર્ણ કરી ગુજરાત પોલ્યુશન બોર્ડ માંથી કમ્પલાઈન લેટર મેળવેલ છે અને તેઓ સ્વેચ્છાએ આ તેઓનો પ્રથમ ગુનો હોઈ કબુલ કરે છે. આમ આરોપીઓ તરફે હાલની કબુલાત પુરસીસ આપતા તે પુરસીસ રેકર્ડ કરતાં આરોપીઓએ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આમ આરોપીઓની કબુલાત સ્વૈચ્છિક હોય તે નહિ માનવાને કોઈ કારણ નથી.

(૪). આ કામે ફરીયાદ પક્ષે વિધ્વાન વકીલશ્રી ડી. કે. સોલંકી તથા આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી એ. એમ. દિવાનની દલીલો સાંભળી. આ કામની ફરીયાદની હકીકતો અને આરોપીઓની કબુલાત પુરસીસ ધ્યાને રાખતા અને તેમના તરફે કરેલ રજુઆતોને ધ્યાને લેતાં તેઓએ અન્ય કોઈ ગુન્હો કરેલ નથી અને તમામ ક્ષતિઓ પરિપૂર્ણ કરેલ છે અને તમામ પ્રકારની તકેદારીઓ રાખેલ છે અને કાયદાના નિયમોનું પાલન કરેલ છે અને અગાઉ તેમની સામે કયારેય કોઈ ફોજદારી કેસ થયેલ નથી તેવા તમામ સંજોગોમાં

આરોપીઓ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરતા હોય તેઓને મહત્તમ સજા નહિ કરતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે તો ન્યાયોચિત ગણાશે તેમ મારૂં માનવું છે. જેથી નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**::: હુ ક મ :::**

આ કામના આરોપીઓને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૪૧ મુજબ પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ તથા ઈ.આઈ.એ.નોટીફીકેશન ૨૦૦૬ ના ભંગ બદલ સદર કાયદાની કલમ ૧૫ મુજબ દરેક આરોપીને રૂા.૨૫,૦૦૦/– (અંકેરૂપિયા પચ્ચીસ હજાર પુરા) દંડ ફરમાવવામાં આવે છે. જો જે તે આરોપી દંડ ભરવામાં કસૂર કરે તો આરોપીને દિન–૧૫ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપી નં.૧ નો દંડ આરોપી નં.૨ નાએ ભરવાનો રહેશે.

આરોપીઓએ કુલ રૂા.૭૫,૦૦૦/– (અંકેરૂપિયા પંચોતેર હજાર પુરા) દંડ ભરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૨૬/૦૬/૨૦૨૨.

**(જે. બી. પરીખ )**
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
અમદાવાદ.
કોડ નં. જીજે૦૦૪૧૪.